GJDH030025162025

રજુ તારીખ :૦૨/૦૭/૨૦૨૫
દાખલ તારીખ :૦૨/૦૭/૨૦૨૫
જજમેન્ટ તારીખ:૦૭/૦૩/૨૦૨૬
અવધિ :વર્ષ–માસ–દિન
૦૦–૦૮–૦૫

નામદાર સુપ્રીમ કોર્ટના **SUO MOTO WRIT(CRL) NO.(S)** 1/2017 તથા ક્રિમિનલ મેન્યુઅલ ચેપ્ટર **VI** ના 179–**A** અન્વયેના નોટીફીકેશન નં.સી–૨૦૦૧–૯૩, તારીખ : ૨૦–૦૫–૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.

**FORM–A**

---

દેવગઢ બારીઆના મહેરબાન એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. દેવગઢ બારીઆ, જિલ્લો – દાહોદ.

---

શ્રી એસ. ઓ.ગર્ગ, એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, દેવગઢ બારીઆ.

ચુકાદાની તારીખ – ૦૭/૦૩/૨૦૨૬

ક્રીમીનલ કેસ નંબર: ૨૫૯૧/૨૦૨૫

આંક–

| એફઆઈઆરની વિગતો/ ગુનો અને પોલીસ સ્ટેશન. | |
|---|---|
| પોલીસ સ્ટેશન | પીપલોદ પોલીસ સ્ટેશન. |
| ગુનો | ગુજરાત નશાબંધી અધિનિયમ ની કલમ – ૬૫ઈ, ૮૧, ૧૧૬બી, ૯૮(૨) |
| તોહમતનામાં મુજબ તોહમત | ગુજરાત નશાબંધી અધિનિયમ ની કલમ – ૬૫ઈ, ૮૧, ૧૧૬બી, ૯૮(૨) |
| ફરીયાદી | શ્રી સરકાર |
| વિદ્ધાન એ પી પી શ્રી | એસ. એમ. ડામોર |
| આરોપી | (૧) મીલનભાઈ નારણભાઈ ભરવાડ, ઉ.વ. ૩૩, રહે. પંચેલા, ભરવાડ ફળીયુ, તા.દેવગઢબારીઆ, જી.દાહોદ. |

| | |
|---|---|
| | (૨) અંકીતકુમાર ઉર્ફે અલ્કેશ લક્ષ્મણભાઈ પટેલ, ઉ.વ. ૨૨, રહે. પંચેલા ,ભરવાડ ફ., તા.દેવગઢબારીઆ, જી.દાહોદ. |
| આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી | ડી.આર.ચૌહાણ |

**FORM–B**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૧૮/૦૪/૨૦૨૫ |
| ફરિયાદની તારીખ | ૧૮/૦૪/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૦૨/૦૭/૨૦૨૫ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૦૬/૦૮/૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૦૬/૦૮/૨૦૨૫ |
| ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યા તારીખ | ૦૭/૦૩/૨૦૨૬ |
| ચુકાદા તારીખ | ૦૭/૦૩/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો | આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો. |

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યા હોય છે કે કસૂરવાર? | શું સજા કરી | ક્રિમિનલ પ્રોસિજર કોડ કલમ: ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તારીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | મીલન | – | – | ગુજરાત | આરોપીને | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | ભાઈ નારણભાઈ ભરવાડ | | | નશાબંધી અધિનિયમની કલમ – ૬૫ઇ, ૮૧, ૧૧૬બી, ૯૮(૨) | શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો. | | |
| 2. | અંકીત કુમાર ઉર્ફે અલ્કેશ લક્ષ્મણાઈ પટેલ | – | – | ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ – ૬૫ઇ, ૮૧, ૧૧૬બી, ૯૮(૨) | આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો. | – | – |

**FORM–C**

ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ.

ફરિયાદ પક્ષનો મૌખિકપુરાવો

(અ) ફરિયાદ પક્ષ તરફે

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી – દિપ્તીનભાઈ મુળજીભાઈ શ્રીગોડની જુબાની | ૦૮ |
| ૨ | પંચ સાહેદ – રાકેશભાઈ બાબુભાઈ પટેલ ની જુબાની | ૧૩ |
| ૩ | પંચ સાહેદ – અર્જુનભાઈ કાંતીભાઈ પરમાર ની જુબાની. | ૧૭ |
| ૪ | આઈ.ઓ. – ગંમરસિંહ ભગુડીયાભાઈ રાઠવા ની જુબાની. | ૨૩ |
| ૫ | સાહેદ – કમલેશભાઈ લક્ષ્મણભાઈ સંગાડાની જુબાની. | ૨૯ |
| ૬ | સાહેદ – દશરથસિંહ ભુપતસિંહ સોલંકીની જુબાની. | ૩૦ |
| ૭ | સાહેદ – ચંદ્રકાંતભાઈ લક્ષ્મણભાઈ સંગાડા ની જુબાની. | ૩૨ |
| ૮ | સાહેદ – વસંતભાઈ માનાભાઈ ચૌધરી ની જુબાની. | ૩૩ |
| ૯ | સાહેદ – અલ્કેશભાઈ રમણભાઈ ગણવા ની જુબાની. | ૩૪ |

(બી) બચાવ પક્ષે જો સાહેદ હોય તો

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

(સી) <u>કોર્ટ તરફે સાહેદ.</u>

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

<u>ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલ દસ્તાવેજી પુરાવો</u>

| અ.નં | | આંક |
|---|---|---|
| ૧ | મુદ્ધામાલ કબજે કર્યાનું પંચનામું | ૧૪ |
| ૨ | ફરિયાદ | ૦૯ |

<u>બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો</u>

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

<u>કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા.</u>

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

<u>મુદ્ધામાલની વિગત</u>

| અ.નં. | વિગત |
|---|---|
| – | – |

<u>–:જજમેન્ટ :–</u>

1. ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા. ૧૮/૦૪/૨૦૨૫ ના રોજ કલાક ૨૨/૩૫ વાગે મોજે પંચેલા ગામે રેલ બહાર ફળીયામાં તમો આરોપી મીલનભાઈ નારણભાઈ ભરવાડ નાઓએ બ્લ્યુ કલરની બલેનો ગાડી નં. જી.જે.૨૦.એ.કયુ. ૩૯૮૭ ની કિંમત

રૂા.૨,૦૦,૦૦૦/- માં ભારતીય બનાવટનો વિદેશી દારૂની કાચની તથા ટીન બીયરોની બોટલો નંગ ૩૫૧ ની જેની કુલ કિંમત રૂા.૮૧,૫૦૫/- નો પ્રોહી મુદ્દામાલ મંગાવી આરોપી અંકીતકુમાર લક્ષ્મણભાઈ પટેલ ના કબજામાં ખાલી કરી કુલ રૂા.૨,૮૧,૫૦૫/- નો મુદ્દામાલ રાખી રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવી ગુનો કરી ગુનો કરેલ છે. જે મતલબની ફરિયાદ ફરિયાદીએ આ કામના આરોપી વિરૂધ્ધ પીપલોદ પોલીસ સ્ટેશનમાં આપતાં, પીપલોદ પ્રોહી. ગુના રજીસ્ટ્રર નં. ૦૪૭૫/૨૦૨૫ થી ગુનો દાખલ કરી, તપાસ કરનાર અમલદારે તપાસ કરી, તપાસના અંતે, આ કામના આરોપી વિરૂધ્ધ ધી પ્રોહી. એકટની કલમ-૬૫ઇ, ૮૧, ૧૧૬બી, ૯૮(૨) મુજબના શિક્ષાનેપાત્ર ગુનાનું આંક-૦૧ વાળું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

2. પોલીસ અહેવાલ રજુ થતાં, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા કલમ-૨૧૦(૧)(ખ) આધારે આરોપીઓ વિરૂધ્ધ ધી પ્રોહી.. એકટની કલમ-૬૫ઇ, ૮૧, ૧૧૬બી, ૯૮(૨) મુજબના ગુન્હા અંગેનું સંજ્ઞાન લઈ, કલમ-૨૨૭ અન્વયે સમન્સ કરતા, હાજર થતાં, કલમ-૨૩૦ મુજબ પોલીસ અહેવાલ તથા અન્ય દસ્તાવેજોની નકલ મળી ગયા અંગેની ખાત્રી કર્યા બાદ, કલમ-૨૬૩ મુજબ વિગતવારનું તહોમતનામું ફરમાવી, વાંચી સંભળાવતા સમજાવતા ગુન્હા અંગે પુછવામાં આવતા ઈન્કાર કરતા, કલમ-૨૬૫ મુજબ ફરીયાદ પક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

3. ત્યારબાદ પડેલ પુરાવા ઉપરથી આ કામના આરોપીઓ નું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમા આરોપીએ ફરીયાદપક્ષના પુરાવાને નકારી કાઢી બચાવના સાક્ષી તપાસેલા નથી કે જાતે સોગંદ પર પુરાવો આપેલ નથી અને વિશેષમાં તેઓ નિર્દોષ હોવાનું અને ખોટી રીતે સંડોવી દઈ ખોટો કેસ કરેલ હોવાનુ જણાવેલ છે.

4. ત્યારબાદ વિ.વ.શ્રી.ઓની દલીલો સાંભળવામાં આવેલ છે. ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા આરોપીને સખ્તમાં સખ્ત સજા કરવા અરજ કરેલ છે. બચાવપક્ષ તરફે વિ.વકીલશ્રી દ્વારા ખુબજ ભારપૂર્વક દલીલ કરેલ છે કે, આ કામે ફરિયાદપક્ષ આરોપી વિરુધ્ધનો કેસ પુરવાર કરી શકેલ નથી. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અરજ કરેલ છે.

5. સદર કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલા દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવા,ફરિયાદ પક્ષના કેસની હકીકતો, કાયદાકીય જોગવાઈઓ વગેરે ધ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે

**5.1.** શું ફરિયાદ પક્ષ એ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૧૮/૦૪/૨૦૨૫ ના રોજ કલાક ૨૨/૩૫ વાગે મોજે પંચેલા ગામે રેલ બહાર ફળીયામાં તમો આરોપી મીલનભાઈ નારણભાઈ ભરવાડ નાઓએ બ્લ્યુ કલરની બલેનો ગાડી નં. જી.જે.૨૦.એ.કયુ. ૩૯૮૭ ની કિંમત રૂા.૨,૦૦,૦૦૦/- માં ભારતીય બનાવટનો વિદેશી દારૂની કાચની તથા ટીન બીયરોની બોટલો નંગ ૩૫૧ ની જેની કુલ કિંમત રૂા.૮૧,૫૦૫/- નો પ્રોહી મુદ્દામાલ મંગાવી આરોપી અંકીતકુમાર લક્ષ્મણભાઈ પટેલ ના કબજામાં ખાલી કરી કુલ રૂા.૨,૮૧,૫૦૫/- નો મુદ્દામાલ રાખી રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવી ગુનો કરી ગુનો કરી પ્રોહી. એકટની કલમ-૬૫ઈ, ૮૧, ૧૧૬બી, ૯૮(૨) મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**5.2.** શું અંતિમ હુકમ ?

**6.** ઉપરોકત મુદ્દાઓના મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

**6.1.** નકારમાં,

**6.2.** આખરી હુકમ મુજબ.

<u>-: નિર્ણયો માટેના કારણો :-</u>

**7.** મુદ્દા નં. ૧ વિશે ચર્ચા :-

**7.1.** વર્તમાન આરોપી વિરૂધ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનું રહે છે. વધુમાં ફરિયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે ફરિયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવાના રહે છે.

<u>-: ફરિયાદ પક્ષનો પુરાવો અને તેનું મુલ્યાંકન:-</u>

**7.2.** આ કામે ફરિયાદપક્ષે પંચ સાહેદ રાકેશભાઈ બાબુભાઈ પટેલ નાઓને આંક-૦૯ થી તથા આંક ૧૭ થી અર્જુનભાઈ કાંતીભાઈ પરમાર નાઓને તપાસેલ છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે પોલીસે એક લખેલા કાગળ ઉપર સહિ કરવાનું કહેતાં તેઓએ સહિ કરી આપેલી. પંચનામુ કઇ બાબતનો હતો તે તેઓને ખબર નથી. તેમજ પંચનામુ તેઓએ વાંચેલ નથી કે પોલીસે તેઓને વાંચી સંભળાવેલ નથી. જે પંચનામુ આંક-૧૦ થી રજુ છે. આમ સદર પંચસાહેદે પંચનામા અનુરૂપ

જુબાની આપેલ ન હોય સદર પંચસાહેદને હોસ્ટાઇલ જાહેર કરેલ છે. જેથી આંક–૧૦ વાળુ પંચનામુ પુરવાર થતું નથી.

**7.3.** આ કામે ફરિયાદ પક્ષે ફરિયાદી દિપ્તીનભાઈ મુળજીભાઈ શ્રીગોડ નાઓને આંક–૦૮ થી તપાસેલ છે. જેઓએ ફરિયાદ પક્ષની આંક–૦૯ વાળી ફરિયાદને સમર્થન કરતો પુરાવો આપેલ છે. જયારે સદર સાહેદ આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે આ કામની બાતમી અમારા ઉપરી અધિકારીને મળેલી તથા તેઓએ ફરીયાદ પંચનામુ થયા બાદ આપેલી તથા આરોપીની પ્રત્યક્ષ હાજરીમાંથી હાલનો પ્રોહી મુદ્દામાલ મળી આવેલ નથી તથા બનાવ રાત્રીના સમયે બનેલો તથા આરોપીની અટક કર્યા બાદ ત.ક. અમલદારે તેમની સમક્ષ આરોપીની ઓળખ પરેડ કરાવેલ નથી કે તેમનુ કોઈ વિશેષ નિવેદન લીધેલ નથી.

**7.4.** આ કામે ફરીયાદ પક્ષે ત.ક.અમલદાર ગંમરસિંહ ભગુડીયાભાઈ રાઠવા નાઓને આંક ૨૩ થી તપાસેલ છે કે જેઓએ ફરીયાદ પક્ષની આંક – ૦૯ વાળી ફરીયાદને સમર્થન કરતો પુરાવો આપેલ છે. જયારે સદર સાહેદ આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બનાવ સ્થળથી થોડે દુર રહેણાંક મકાનો આવેલા છે તથા ફરીયાદીની ફરીયાદમાં રેડમાં જે વાહન ઉપયોગ કરેલો તેનો નંબર લખેલ નથી તથા તેઓ એ વાતનો અસ્વીકાર કરે છે કે પંચો રૂબરૂ પંચનામુ કરેલ નથી તથા પંચ સાહેદ સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી તથા આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મુદ્દામાલ મળી આવેલ નથી તથા દરેક બોટલો ઉપર પંચોની સહીવાળી કાપલી ચોડેલ નથી. તેઓએ સ્વેચ્છાએ જણાવે છે કે સેમ્પલ સારૂ અલગ કાઢેલ મુદ્દામાલ ઉપર પંચોની કાપલી ચોડેલી.

**7.5.** આ કામે ફરીયાદ પક્ષે સાહેદ કમલેશભાઈ લક્ષ્મણભાઈ સંગાડા નાઓને આંક ૨૯ થી તપાસેલ છે કે જેઓએ ફરીયાદ પક્ષની આંક – ૦૯ વાળી ફરીયાદને સમર્થન કરતો પુરાવો આપેલ છે. જયારે સદર સાહેદ આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આ કામની બાતમી તેમના ઉપરી અધિકારીને મળેલી

તથા આરોપીની પ્રત્યક્ષ હાજરીમાંથી હાલનો પ્રોહી મુદ્દામાલ મળી આવેલ નથી તથા બનાવ રાત્રીના સમયે બનેલો તથા આરોપીની અટક કર્યા બાદ ત.ક.અમલદારે તેમની સમક્ષ આરોપીની ઓળખ પરેડ કરાવેલ નથી કે તેમનુ વિશેષ નિવેદન લીધેલ નથી.

**7.6.** આ કામે ફરીયાદ પક્ષે સાહેદ દશરથસિંહ ભુપતસિંહ સોલંકી નાઓને આંક ૩૦ થી તપાસેલ છે કે જેઓએ ફરીયાદ પક્ષની આંક – ૦૯ વાળી ફરીયાદને સમર્થન કરતો પુરાવો આપેલ છે. જયારે સદર સાહેદ આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આ કામની બાતમી તેમના ઉપરી અધિકારીને મળેલી તથા આરોપીની પ્રત્યક્ષ હાજરીમાંથી હાલનો પ્રોહી મુદ્દામાલ મળી આવેલ નથી તથા બનાવ રાત્રીના સમયે બનેલો તથા આરોપીની અટક કર્યા બાદ ત.ક.અમલદારે તેમની સમક્ષ આરોપીની ઓળખ પરેડ કરાવેલ નથી કે તેમનુ વિશેષ નિવેદન લીધેલ નથી.

**7.7.** આ કામે ફરીયાદ પક્ષે સાહેદ પ્રદિપસિંહ અરૂણસિંહ રાઠોડ નાઓને આંક ૩૧ થી તપાસેલ છે કે જેઓએ ફરીયાદ પક્ષની આંક – ૦૯ વાળી ફરીયાદને સમર્થન કરતો પુરાવો આપેલ છે. જયારે સદર સાહેદ આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આ કામની બાતમી તેમના ઉપરી અધિકારીને મળેલી તથા આરોપીની પ્રત્યક્ષ હાજરીમાંથી હાલનો પ્રોહી મુદ્દામાલ મળી આવેલ નથી તથા બનાવ રાત્રીના સમયે બનેલો તથા આરોપીની અટક કર્યા બાદ ત.ક.અમલદારે તેમની સમક્ષ આરોપીની ઓળખ પરેડ કરાવેલ નથી કે તેમનુ વિશેષ નિવેદન લીધેલ નથી.

**7.8.** આ કામે ફરીયાદ પક્ષે સાહેદ ચંદ્રકાંતભાઈ લક્ષ્મણભાઈ સંગાડા નાઓને આંક ૩૨ થી તપાસેલ છે કે જેઓએ ફરીયાદ પક્ષની આંક – ૦૯ વાળી ફરીયાદને સમર્થન કરતો પુરાવો આપેલ છે. જયારે સદર સાહેદ આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આ કામની બાતમી તેમના ઉપરી અધિકારીને મળેલી

તથા આરોપીની પ્રત્યક્ષ હાજરીમાંથી હાલનો પ્રોહી મુદ્દામાલ મળી આવેલ નથી તથા બનાવ રાત્રીના સમયે બનેલો તથા આરોપીની અટક કર્યા બાદ ત.ક.અમલદારે તેમની સમક્ષ આરોપીની ઓળખ પરેડ કરાવેલ નથી કે તેમનુ વિશેષ નિવેદન લીધેલ નથી.

**7.9.** આ કામે ફરીયાદ પક્ષે સાહેદ વંસંતભાઈ માનાભાઈ ચૌધરી નાઓને આંક ૩૩ થી તપાસેલ છે કે જેઓએ ફરીયાદ પક્ષની આંક – ૦૯ વાળી ફરીયાદને સમર્થન કરતો પુરાવો આપેલ છે. જયારે સદર સાહેદ આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આ કામની બાતમી તેમના ઉપરી અધિકારીને મળેલી તથા આરોપીની પ્રત્યક્ષ હાજરીમાંથી હાલનો પ્રોહી મુદ્દામાલ મળી આવેલ નથી તથા બનાવ રાત્રીના સમયે બનેલો તથા આરોપીની અટક કર્યા બાદ ત.ક.અમલદારે તેમની સમક્ષ આરોપીની ઓળખ પરેડ કરાવેલ નથી કે તેમનુ વિશેષ નિવેદન લીધેલ નથી.

**7.10.** આ કામે ફરીયાદ પક્ષે સાહેદ અલ્કેશભાઈ રમણભાઈ ગણાવા નાઓને આંક ૩૪ થી તપાસેલ છે કે જેઓએ ફરીયાદ પક્ષની આંક – ૦૯ વાળી ફરીયાદને સમર્થન કરતો પુરાવો આપેલ છે. જયારે સદર સાહેદ આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આ કામની બાતમી તેમના ઉપરી અધિકારીને મળેલી તથા આરોપીની પ્રત્યક્ષ હાજરીમાંથી હાલનો પ્રોહી મુદ્દામાલ મળી આવેલ નથી તથા બનાવ રાત્રીના સમયે બનેલો તથા આરોપીની અટક કર્યા બાદ ત.ક.અમલદારે તેમની સમક્ષ આરોપીની ઓળખ પરેડ કરાવેલ નથી કે તેમનુ વિશેષ નિવેદન લીધેલ નથી.

**7.11.** ફોજદારી કેસમાં ફરિયાદ પક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકારહીત પુરવાર કરવાનો રહે છે ત્યારે ફરિયાદ પક્ષે આરોપી વિરુધ્ધ મુખ્યત્વે આક્ષેપિત ગુના અંગેની ફરિયાદ આપવામાં આવેલ હોવાની હકીકત ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાની રહે છે. ત્યારે હાલના કેસમાં ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં મૌખિક પુરાવો રજુ કરેલ છે. જે પુરાવાનું મુલ્યાંકન નીચે મુજબ છે.

**7.12.** In the case of **SATISH MEHRA VS DELHI ADMINISTRATION,** 1996 (0) **AIJEL-SC**25516 The Hon'ble Supreme Court held that,

*"15. When the judge is fairly certain that there is no prospect of the case ending in conviction the valuable time of the court should not be wasted for holding the trial only for the purpose of formally completing the pronouncing the conclusion on a future date."*

**8.** આમ, ફરિયાદ પક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને ધ્યાને તથા વંચાણે લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા **STATE OF GUJARAT V. SURESHBHAI S PATEL,** 2010 (0) **AIJEL-HC** 224081, નીચે મુજબ ઠરાવેલ છે.

*15.The Trial Court has, after appreciating the oral as well as documentary evidence, found that pancha witness - Kantibhai Kikabhai declared hostile. It is also observed by the learned Magistrate that panch witness Kantibhai did not support the Panchnama at Exhibit 7. It is also observed by the learned Magistrate that the complainant has not mentioned as to how many bottles of which brand he has seized.* ***It is also observed by the learned Magistrate that when panchas are turned hostile and did not support the case of the complainant, it would not be appropriate to solely rely upon the evidence of complainant. Thus, the prosecution has failed to prove its case beyond reasonable doubt against the respondent-accused.***

આમ, ઉપરોક્ત કેસમાં નામદાર કોર્ટે ઠરાવેલ છે કે, પંચસાહેદો ફરિયાદ પક્ષને સમર્થન આપતાં ના હોય તેમજ ફરિયાદીની જુબાની અને પુરાવાને કોઈ અન્ય કોરોબોરેટીવ પુરાવાનું સમર્થન ના મળે ત્યારે ફકત ફરિયાદીની જુબાની પર આધાર રાખીને કે સાબિત થયેલાનું માની શકાય નહીં. આ સંજોગોમાં પંચનામાને પંચસાહેદોના પુરાવાથી લેશમાત્ર

સમર્થન પ્રાપ્ત થતું નથી. જેથી મુદ્દામાલની રીકવરી પુરવાર થતી નથી. જેથી આરોપીને તેનો લાભ મળવા પાત્ર છે. આ કામે પંચો સિવાયના સાહેદ પોલીસ સ્ટાફના માણસ છે અને તેઓ રસ ધરાવતાં અને હિત ધરાવતાં સાહેદો છે તેઓના પુરાવાને અન્ય કોઈ સ્વતંત્ર અને તટસ્થ કહી શકાય તેવા કોઈ સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું નથી. આ કામે ફરિયાદ પક્ષના પુરાવાને ધ્યાને લેતા બનાવવાળી જગ્યા એ જાહેર જગ્યા છે અને ત્યાં સતત માણસો તથા વાહનોની અવર જવર રહે છે. તેમજ છુટા છવાયા મકાનો આવેલા છે. આમ, બનાવવાળી જગ્યાએ સ્વતંત્ર સાહેદો સહેલાઈથી મળી શકે તેમ છે. તેમ છતાં તપાસ કરનાર અમલદાર દ્વારા રજુ કરવામાં આવેલ ચાર્જસીટ ધ્યાનમાં લેતાં તેઓએ માત્ર પોલીસ સાહેદોના જ નિવેદન લીધેલા છે ત્યારે ફરિયાદ પક્ષના કેસ બાબતે શંકા ઉભી થાય છે. વધુમાં ફરિયાદ પક્ષના પુરાવાના વિરોધાભાસના કારણે ફરિયાદ પક્ષના કેસ પરત્વે શંકા ઉત્પન્ન થાય છે અને પુરાવા અધિનિયમની જોગવાઈઓ મુજબ ફરિયાદ પક્ષે પોતાનો કેસ શંકા રહીત સાબિત કરવાનો હોય છે અને આરોપીએ પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી અને જયાં શંકા જાય તેમ હોય ત્યાં આરોપીને લાભ મળવાપાત્ર છે. આમ, ફરિયાદપક્ષ પોતાનો કેસ ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈ તથા ક્રિમીનલ જયુરીસ્પુન્ડન્સના પ્રસ્થાપિત સિધ્ધાંતો અનુસાર સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ છે. તે સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ, ઉપરોકત હકીકત અને ચર્ચાને ધ્યાનમાં લઈ ફરિયાદ પક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ છે તેવા નિર્ણય ઉપર આવી મુદ્દા નં. (૧) નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં. (૨) પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે

<u>–:: આખરી હુ ક મ ::–</u>

1. આ કામના આરોપી **મસુકભાઈ ઉર્ફે માસુકભાાઈ વીરસીંગભાઈ રાઠવા, રહે.– રવાલીયા, નવાઢ ફળિયુ, તાલુકો – કાલોલ, જીલ્લો – પંચમહાલનાઓને** ભારતીય નાગરિક સુરક્ષા સહિતા ની કલમ–૨૭૧(૧) હેઠળ પ્રોહી. એકટની કલમ–૬૫ઈ, ૮૧, ૧૧૬બી, ૯૮(૨) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા માંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
2. આ કામે કબજે કરવામાં આવેલ વિદેશી દારૂનો અપીલ સમય વિત્યા બાદ નિયમાનુસાર નિકાલ કરવો. મુદ્દામાલ તરીકે વાસણો તથા નાણાં હોય તો તે સરકાર ખાતે ખાલસા કરવો તથા મુદ્દામાલના વાહન હોય તો કામ ચાલતાં દરમ્યાન જો કોઈ હુકમ થયેલ હોય

તો તે યથાવત રાખવામાં આવે છે, અને જો આવો હુકમ ન થયેલ હોય તો મુદ્દામાલ ગાડીનો અપીલ સમય પત્યા બાદ કોઈપણ વ્યકિત કે સંસ્થા તરફથી વાહન અંગે કલેઈમ ન હોય તો **નામદાર સર્વોચ્ચ અદાલતના સુંદર અંબાલાલ દેસાઇ વર્સીસ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં** પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબની કાર્યવાહી સંબંધીત પી.એસ.આઇ. શ્રીનાઓએ અનુસરીને અત્રેની કોર્ટને રીપોર્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

3. આ કામના આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૪૮૧ મુજબ આપેલ જામીન છ મહિના સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**ચુકાદો:– આજરોજ તા. ૦૭ મી, માહે – માર્ચ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

**તારીખઃ– ૦૭/૦૩/૨૦૨૬**

**સ્થળઃ – દેવગઢ બારીઆ** **( સંજયકુમાર ઓ. ગર્ગ )**

**એડી. જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**દેવગઢ બારીઆ**
**કોડ નં. જીજે૦૧૭૩૮.**